RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 67 * Date: 29.12.2025,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# આસામને બાંગ્લાદેશમાં ભેળવી દેવાના થઈ શકે છે પ્રયાસ', મુખ્યમંત્રી હિમંત સરમાની ગંભીર ચેતવણી



આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ રાજ્યની બદલાતી જન સાંખ્યિકીને લઈને એક ગંભીર ચેતવણી આપી છે. શનિવારે (૨૭ ડિસેમ્બર) ભાજપની રાજ્ય કાર્યકારિણીની બેઠક દરમિયાન મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે, જો રાજ્યમાં બાંગ્લાદેશી મૂળના લોકોની વસ્તી ૫૦ ટકાનો આંકડો પાર કરી જશે તો આસામને બાંગ્લાદેશનો ભાગ બનાવવાના પ્રયાસ શરૂ થઈ શકે છે. તેમણે આ સ્થિતિને આસામની અસ્મિતા અને સંસ્કૃતિ માટે એક મોટો ખતરો ગણાવી.

મુખ્યમંત્રી સરમાએ આંકડાનો હવાલો આપતા કહ્યું કે, 'હાલમાં બાંગ્લાદેશી મૂળના લોકોની વસ્તી ૪૦ ટકાને પાર કરી ચૂકી છે અને આ સતત વધી રહી છે. આજે આપણે પોતાની આંખોથી આ વાસ્તવિકતાને જોઈ રહ્યા છીએ. જો આ વસ્તી ૫૦ ટકાથી વધુ થઈ જશે, તો આસામના અસ્તિત્વ પર સંકટ આવી જશે.'બાંગ્લાદેશમાં હાલમાં જ થયેલી દીપુ દાસની મોબ લિંચિંગનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ આસામના લોકોને અપીલ કરી. તેમણે કહ્યું કે, 'જો આજે આવી ઘટનાઓ થઈ રહી છે, તો આસામના લોકો કલ્પના કરી શકે છે કે આગામી ૨૦ વર્ષમાં અહીંની સ્થિતિ શું થશે. પછી જો ભારત અને બાંગ્લાદેશ વચ્ચે યુદ્ધ થશે તો તેઓ કોનો સાથ આપશે?'

આગામી વિધાનસભા ચૂંટણીને મુખ્યમંત્રીએ એક માત્ર રાજકીય મુકાબલો નહીં પરંતુ 'સભ્યતાની લડાઈ' ગણાવી. તેમણે કોંગ્રેસ પર દાયકાઓ સુધી તુષ્ટિકરણની રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો, જેના કારણે રાજ્યમાં એક નવી સભ્યતા વિકસિત થઈ ગઈ છે. તેની સંખ્યા હવે લગભગ ૧.૫ કરોડ સુધી પહોંચી ચૂકી છે.મુખ્યમંત્રીએ વસતી ગણતરીના જૂના આંકડા અને ભવિષ્યના અંદાજને શેર કરતા જણાવ્યું કે, '૨૦૧૧માં મુસ્લિમોની વસ્તી ૩૪ ટકા હતી, જેમાં બાંગ્લાદેશી મૂળના મુસ્લિમ ૩૧ ટકા અને સ્થાનિક મુસ્લિમ માત્ર ૩ ટકા હતા. ૨૦૨૭ સુધી આ સંખ્યા વધીને ૪૦ ટકા થવાનો અંદાજ છે. સ્વદેશી વસતી ઘટીને ૬૦ ટકા થઈ ગઈ અને તેમાં હજુ ઘટાડાની સંભાવના છે.'

તેમણે ભાવુક થતા કહ્યું કે, 'જીવનકાળમાં ઘૂસણખોરોની વસ્તી ૨૧ ટકા થી વધીને ૪૦ ટકા થઈ ગઈ અને તેમના બાળકોના સમય સુધીમાં અસમિયા સમુદાયની વસ્તી ઘટીને માત્ર ૩૦ ટકા રહી શકે છે.'મુખ્યમંત્રીએ આસામને શંકર-અઝાન (વૈષ્ણવ સંત શંકર દેવ અને સૂફી સંત અઝાન ફકીર)ની ધરતી ગણાવાતી ધારણાને ફગાવી દીધી. તેમણે સ્પષ્ટ રીતે કહ્યું કે, 'આસામ માત્ર શંકર-માધવ (શંકરદેવ અને તેમના શિષ્ય માધવ દેવ)ની ભૂમિ છે. આઝાન ફકીર સાથે મહાપુરુષોની સરખામણી કરીને આપણી સાંસ્કૃતિક ઓળખને નબળી કરવાનો પ્રયાસ સહન નહીં કરવામાં આવે.'પોતાના સંબોધનના અંતમાં તેમણે અહોમ સેનાપતિ લાચિત બોરફુકનનું સ્મરણ કર્યું, જેમણે બીમાર હોવા છતાં મોગલોને હરાવ્યા હતા. મુખ્યમંત્રીએ સંકલ્પ લેતા કહ્યું કે, 'વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહના નેતૃત્વમાં આપણે પોતાની ઓળખ અને સંસ્કૃતિને બચાવવા માટે સતત લડીશું અને જીત હાંસલ કરીશું.

## શિવરાજે કહ્યું-દરેકે એક દક્ષિણ ભારતીય ભાષા શીખવી જોઈએ:હું પણ એક શીખી રહ્યો છું; તેનાથી રાષ્ટ્રીય એકતા મજબૂત થશે

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે શનિવારે જણાવ્યું હતું કે દરેક ભારતીયે ઓછામાં ઓછી એક દક્ષિણ ભારતીય ભાષા શીખવી જોઈએ. તેમણે એમ પણ જણાવ્યું હતું કે તેઓ પોતે પણ કોઈ એક દક્ષિણ ભારતીય ભાષા શીખવાનો પ્રયાસ કરી રહ્યા છે.ચૌહાણ શનિવારે તમિલનાડુના હોસુર ખાતે આયોજિત મેગા કિસાન પરિસંવાદમાં સામેલ થયા હતા. આ કાર્યક્રમ સદગુરુ જગ્ગી વાસુદેવના ઈશા ફાઉન્ડેશન દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. આ દરમિયાન શિવરાજે કહ્યું કે ભારતની ભાષાઈ વિવિધતા આપણી તાકાત છે અને એકબીજાની ભાષાઓ શીખવાથી રાષ્ટ્રીય એકતા અને પરસ્પર સમજણ મજબૂત બને છે.

ચૌહાણે કહ્યું કે સદગુરુ જગ્ગી વાસુદેવના અનુભવોથી પ્રેરિત થઈને સરકાર વૃક્ષ આધારિત કૃષિને લઈને એક નવી નીતિ બનાવવાનું કામ કરશે. ઈશા ફાઉન્ડેશન પહેલાથી જ આ દિશામાં કામ કરી રહ્યું છે, જેનાથી પર્યાવરણ સંરક્ષણની સાથે-સાથે ખેડૂતોની આવક વધારવામાં મદદ મળી શકે છે.

ઈશા ફાઉન્ડેશન ખેડૂતો વચ્ચે વૃક્ષ આધારિત ખેતીને પ્રોત્સાહન આપી રહ્યું છે, જેમાં પર્યાવરણ સુધારણા અને ખેડૂત સમૃદ્ધિની મોટી સંભાવના છે. સદગુરુના માર્ગદર્શન હેઠળ ખેડૂતોને પ્રકૃતિ સંરક્ષણમાં ભાગીદાર બનાવવાના પ્રયાસો ચાલુ રહેશે.'સેવ સોઈલ' અભિયાન સંદેશ આપે છે કે સ્વસ્થ માટી જીવન, ખાદ્ય સુરક્ષા અને આબોહવા સંતુલન માટે અત્યંત જરૂરી છે. પુનર્જીવિત ખેતી એટલે કે જમીનને નુકસાન પહોંચાડવાને બદલે તેને ફરીથી સ્વસ્થ અને ફળદ્રુપ બનાવવાથી મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચેનું બગડેલું સંતુલન ફરીથી સ્થાપિત કરી શકાય છે.કાર્યક્રમમાં સદગુરુ જગ્ગી



વાસુદેવે કહ્યું કે ખેતીને બિનજરૂરી નિયમો અને પ્રતિબંધોથી આઝાદ કરવી જોઈએ. સદગુરુએ કહ્યું કે ખેડૂત પોતાની જમીન પર જે કંઈ પણ વાવે છે, તેના પર પૂરો અધિકાર ખેડૂતનો હોવો જોઈએ.

## લંડનમાં દેખાવો કરતાં હિન્દુઓ સામે ખાલિસ્તાનીઓ રસ્તે ઉતર્યા, બાંગ્લાદેશને કર્યું સમર્થન

બાંગ્લાદેશમાં હિન્દુ યુવાન દીપુ ચંદ્ર દાસની હત્યા અને લઘુમતીઓ પર થઈ રહેલા અત્યાચારનો મામલો હવે આંતરરાષ્ટ્રીય સ્તરે ગરમાયો છે. લંડન સ્થિત બાંગ્લાદેશ હાઈ કમિશનની બહાર જ્યારે હિન્દુ સમુદાય શાંતિપૂર્ણ દેખાવો કરી રહ્યો હતો, ત્યારે ખાલિસ્તાની અલગતાવાદીઓ બાંગ્લાદેશની વચગાળાની સરકારના સમર્થનમાં રસ્તા પર ઉતરી આવતા ભારે તણાવ સર્જાયો હતો.બાંગ્લાદેશમાં તાજેતરમાં દીપુ ચંદ્ર દાસ નામના યુવકની હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાના વિરોધમાં લંડનમાં વસતા બાંગ્લાદેશી હિન્દુઓએ એકઠા થઈને દાખાવો કર્યો હતો. તેમની મુખ્ય માંગણીઓ હતી કે, દીપુ દાસના હત્યારાઓને તાત્કાલિક કડક સજા થાય. બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે. હિન્દુ મંદિરો અને મિલકતો પર થતા હુમલા બંધ થાય.




આશ્ચર્યજનક રીતે, જ્યારે હિન્દુઓ ન્યાય માટે સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા, ત્યારે ખાલિસ્તાની સમર્થકોનું એક જૂથ ત્યાં પહોંચી ગયું હતું. આ જૂથ મોહમ્મદ યુનુસના નેતૃત્વવાળી બાંગ્લાદેશની વચગાળાની સરકારના બચાવમાં ઢાલ બનીને ઊભું રહ્યું હતું. ખાલિસ્તાનીઓએ હિન્દુ દેખાવકારોને ડરાવવાનો પ્રયાસ કર્યો અને ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર કર્યા હતા. પરિસ્થિતિને વણસતી જોઈ લંડન પોલીસે તુરંત દરમિયાનગીરી કરી બંને જૂથો વચ્ચે માનવ સાંકળ બનાવી શાંતિ જાળવી હતી.

આ ઘટનાએ વૈશ્વિક સ્તરે ભારત વિરોધી શક્તિઓ વચ્ચે વધતા જોડાણ તરફ ઈશારો કર્યો છે. 'શીખ ફોર જસ્ટિસ' (જીહ્લત્ન) ના આતંકવાદી નેતા ગુરપતવંત સિંહ પન્નુએ તાજેતરમાં જ અમેરિકાથી એક વીડિયો જાહેર કરીને બાંગ્લાદેશના ઉગ્રવાદીઓને ખુલ્લું સમર્થન આપ્યું હતું. હવે લંડનમાં ખાલિસ્તાનીઓનું બાંગ્લાદેશ સરકારના સમર્થનમાં ઉતરવું એ આ જોડાણને વધુ સ્પષ્ટ કરે છે.

હિન્દુ સંગઠનોએ આક્ષેપ કર્યો છે કે ખાલિસ્તાનીઓ જાણીજોઈને તેમના શાંતિપૂર્ણ પ્રદર્શનમાં ખલેલ પહોંચાડી રહ્યા છે. લંડન પોલીસ અત્યારે આ મામલે સતર્ક છે અને હાઈ કમિશનની આસપાસ સુરક્ષા વ્યવસ્થા સજ્જડ કરી દેવામાં આવી છે.

## જમ્મુ-કાશ્મીરમાં કડકડતી ઠંડીમાં પણ સેના એક્શનમાં:બર્ફીલા અને દુર્ગમ પહાડોમાં પેટ્રોલિંગ વધાર્યું; 30-35 પાકિસ્તાની આતંકવાદીઓની શોધખોળ



જમ્મુ-કાશ્મીરમાં કડકડતી ઠંડી અને ૪૦ દિવસની ચિલ્લઈ કલાં હોવા છતાં સુરક્ષા દળોએ કિશ્તવાડ અને ડોડા જિલ્લાઓમાં આતંકવાદીઓ વિરુદ્ધ અભિયાન વધુ તેજ બનાવ્યું છે. સૂત્રો અનુસાર, બરફથી ઢંકાયેલા ઊંચા અને દુર્ગમ પહાડી વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે.ગુપ્તચરના અંદાજ મુજબ, જમ્મુ ક્ષેત્રમાં ૩૦ થી ૩૫ પાકિસ્તાની આતંકવાદીઓ સક્રિય છે. સતત સર્ચિંગ અને સ્થાનિક સમર્થન નબળું પડવાને કારણે આ આતંકવાદીઓ વસ્તીથી દૂર મધ્ય અને પહાડી વિસ્તારોમાં છુપાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.સૂત્રોએ ભાસ્કરને જણાવ્યું કે સેનાએ અસ્થાયી બેઝ, નિરીક્ષણ પોસ્ટ અને પેટ્રોલિંગ ગ્રીડ બનાવીને ઊંચી પહાડીઓ, જંગલો અને ઘાટીઓમાં નિયમિત પેટ્રોલિંગ શરૂ કર્યું છે. પહેલા શિયાળામાં આતંકવાદી હિલચાલમાં ઘટાડો થતો હતો, પરંતુ હવે સેનાએ પ્રો-એક્ટિવ વિન્ટર સ્ટ્રેટેજી અપનાવી છે.સ્પેશિયલ વિન્ટર વોરફેર યુનિટ્સ પણ તહેનાત કરવામાં આવી છે. સુરક્ષા દળોનો હેતુ આતંકવાદીઓને ખતમ કરવાનો અને તેમને દૂરના, મુશ્કેલ પહાડી વિસ્તારોમાં પણ છુપાવવા ન દેવાનો છે.સરહદ નજીક આવેલા વિસ્તારોમાં આતંકવાદીઓની ઘૂસણખોરીના પ્રયાસોને નિષ્ફળ બનાવવા માટે સેના, મ્જીહ્ અને જમ્મુ-કાશ્મીર પોલીસ છેલ્લા ૧૦ દિવસથી સંયુક્ત રીતે સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. આ સર્ચ ઓપરેશન બોર્ડર વિસ્તારના ૮૦થી વધુ ગામોમાં ચલાવવામાં આવી રહ્યું છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગુપ્તચર ઈનપુટ્સ મળ્યા હતા કે આતંકવાદી સંગઠનો ગાઢ ધુમ્મસ, ઠંડા હવામાન અને દુર્ગમ વિસ્તારોનો લાભ ઉઠાવીને ઘૂસણખોરીનો પ્રયાસ કરી શકે છે. આને ધ્યાનમાં રાખીને આ મોટું ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.ગયા મહિને બીએસએફના અધિકારીએ ખુલાસો કર્યો હતો કે ભારતના ઓપરેશન સિંદૂર પછી નુકસાન સહન કરવા છતાં પાકિસ્તાને ફરી એકવાર જમ્મુ વિસ્તારની સામે લગભગ ૭૨ આતંકવાદી લોન્ચ પેડ સક્રિય કર્યા છે.આમાંથી ૧૨ લોન્ચ પેડ સિયાલકોટ અને ઝફરવાલ સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક છે, જ્યારે લગભગ ૬૦ લોન્ચ પેડ એલઓસી નજીક સક્રિય હોવાનું જણાવાયું છે.

## દેશના ૪ મુખ્ય ધર્મસ્થળો પર ૧૦ લાખ લોકો પહોંચવાની શક્યતા:તિરુપતિમાં ટોકનથી જ દર્શન

દેશના ૪ મુખ્ય ધર્મસ્થળમાં ૩૧ ડિસેમ્બર અને ૧ જાન્યુઆરીના રોજ લગભગ ૧૦ લાખ શ્રદ્ધાળુઓ પહોંચવાનો અંદાજ છે. આથી, આ મંદિરોમાં તેના માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. આંધ્ર પ્રદેશ સ્થિત તિરુપતિ મંદિરમાં ૩૦ ડિસેમ્બરથી ૧૦ દિવસીય વૈકુંઠ એકાદશી ઉત્સવ શરૂ થવા જઈ રહ્યો છે. આ દરમિયાન એક જાન્યુઆરી પણ છે, તેથી તિરુમલા તિરુપતિ દેવસ્થાનમ બોર્ડે ભીડ વ્યવસ્થાપનની વ્યાપક યોજના તૈયાર કરી છે. બોર્ડના છઝઈ સીએચ વેંકૈયા ચૌધરીએ જણાવ્યું કે ૨૪ થી ૨૬ ડિસેમ્બર સુધી લગભગ ૨ લાખ ભક્તો અહીં આવ્યા.આ અચાનક ઉછાળાએ કતાર પરિસરો, આવાસ સુવિધાઓ અને પગપાળા માર્ગો પર ખૂબ દબાણ કર્યું. તેથી ૨૯ થી ૩૧ ડિસેમ્બર માટે ૧.૮૯ લાખ દર્શન ટોકન આપ્યા પછી કાઉન્ટર બંધ કરી દેવામાં આવ્યા છે.૩૦ ડિસેમ્બરથી ૧ જાન્યુઆરી સુધી ફક્ત તે જ યાત્રાળુઓને દર્શનની મંજૂરી મળશે, જેમની પાસે એડવાન્સ બુકિંગવાળો માન્ય ટોકન હશે. આ પગલાં ગયા વર્ષે થયેલી ભાગદોડની ઘટનાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યા છે.મહારાષ્ટ્રના શિરડી સ્થિત સાંઈબાબાના દરબારમાં આ વખતે ૬ લાખ ભક્તો પહોંચવાનો અંદાજ છે. તેથી સાંઈ બાબા સંસ્થાને નક્કી કર્યું છે કે ૩૧ ડિસેમ્બરે સાંઈ મંદિર આખી રાત ખુલ્લું રહેશે.

## તંત્રી સ્થાનેથી..

### ચાંદી રૂ.અઢી લાખની સપાટી કુદાવી ગઈ: હવે ત્રણ લાખ પર મીટ

મુંબઈ : મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં રેકોર્ડ બ્રેક તેજી વેગથી આગળ વધી હતી તથા ભાવમાં સ્પ્રિંગ જેવો નવો ઉછાળો આવતાં બજારના ઝવેરીઓ તથા ખેલાડીઆ સ્તબ્ધ થઈ ગયા હતા. વિશ્વ બજારમાં કિંમતી ધાતુઓમાં તોફાની તેજી આગળ વધતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ વધી જતાં દેશના ઝવેરી બજારોમાં આજે પણ તેજીનું તોફાન આગળ વધ્યું હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. અમદાવાદ ઝવેરી બજારમાં આજે ચાંદીના ભાવ કિલોના ઝડપી ઉછળી રૂ.અઢી લાખની સપાટી પાર કરી ઉંચામાં ભાવ રૂ.૨૫૨૦૦૦ બોલાઈ જતાં નવો ઈતિહાસ સર્જાયો હતો. અમદાવાદ બજારમાં ચાંદીના ભાવ શુક્રવારે વધી રૂ.૨૩૩૦૦૦ રહ્યા પછી શનિવારે ભાવમાં વધુ ઝડપી રૂ.૧૯ હજારનો તોતીંગ ઉછાળો આવતાં ભાવ વધી રૂ.અઢી લાખની ઉપર ઝડપથી જતા રહ્યા હતા.

દરમિયાન, અમદાવાદ બજારમાં આજે ચાંદી પાછળ સોનાના ભાવ પણ ૧૦ ગ્રામદીઠ ઝડપી રૂ.૨૫૦૦ ઉછળતાં ભાવ વધી ૯૯૫ના રૂ.૧૪૫૦૦૦ બોલાઈ ગયા હતા. વિશ્વ બજારના સૂત્રોના જણાવ્યા મુજબ વૈશ્વિક ચાંદીના ભાવ ઔંસના ૭૪.૪૦થી ૭૪.૪૧ ડોલરથી ઉછળી ઉંચામાં ભાવ ૭૯ ડોલરની સપાટી વટાવી ૭૯.૨૭થી ૭૯.૨૮ ડોલર બોલાયાના નિર્દેશો હતા. ચાંદીમાં એક તરફ સપ્લાય ડેફીસીટ તથા બીજી તરફ વિવિધ ઉદ્યોગોની માગ વધી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું, ચાંદીમાં વધતી બજારે સટ્ટોડિયાઓ પણ એક્ટીવ બન્યાની ચર્ચા બજારમાં સંભળાઈ રહી હતી. વિશ્વ બજારમાં ચાંદી પાછળ આજે સોનાના ભાવ પણ ઔંસના ૪૫૧૩થી ૪૫૧૪ ડોલરવાળા ઉછળી છેલ્લે ૪૫૩૩થી ૪૫૩૪ ડોલર રહ્યા હતા. મુંબઈ કરન્સી બજારમાં આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૮૯.૮૫થી ૮૯.૮૬ વાળા વધી રૂ.૮૯.૯૩ થી ૮૯.૯૪ આસપાસ બોલાતાં થતાં ઝવેરી બજારમાં તેજીને પીઠબળ મળી ગયું હોવાનું જાણકારોએ જણાવ્યું હતું. વિશ્વ બજારમાં કોપરના ભાવ વધુ ૪થી ૫ ટકા ઉછળતાં તેની ઈમ્પેકટ પણ ચાંદી બજારમાં પોઝીટીવ આવી હતી. ચાંદીના એક્સચેન્જ ટ્રેડેડ ફંડ ઈટીએફમાં ઈન્ફલો પણ વધ્યાની ચર્ચા બજારમાં સંભળાઈ હતી. આ વર્ષે ચાંદીના ભાવ આશરે ૧૬૦થી ૧૭૦ ટકા ઉછળ્યા છે. ચાંદીમાં ઈલેક્ટ્રીક વેહીકલ્સ, સોલાર, સેમી કંડકટર, ડેટા સેન્ટર્સ વિ.ની ઉદ્યોગો તરફથી માગ વધુ તથા સપ્લાય ઓછી રહેતાં આશરે ૧૫ કિલો ઔંસની સપ્લાય ડેફીસીટ જોવા મળી છે.

# એવો દેશ જ્યાં કોઈ મંદિર-મસ્જિદ નથી, ધર્મનું પાલન કરો તો મળે સજા



વિશ્વના મોટાભાગના દેશોમાં ધર્મ, આસ્થા અને પ્રાર્થનાના સ્થળોને સંસ્કૃતિના પ્રતીક માનવામાં આવે છે. પરંતુ દુનિયાના નકશા પર એક એવો દેશ પણ છે જ્યાં ધર્મનું પાલન કરવું એ ગુનો ગણાય છે. આ દેશ એટલે ઉત્તર કોરિયા. અહીં કોઈ સત્તાવાર મંદિર કે મસ્જિદ નથી અને જો કોઈ નાગરિક ધાર્મિક પ્રવૃત્તિમાં સંડોવાયેલો જોવા મળે, તો તેને કઠોર સજા ફટકારવામાં આવે છે.અહેવાલો અનુસાર, ઉત્તર કોરિયા સત્તાવાર રીતે એક નાસ્તિક દેશ છે. અહીંની સરકારની વિચારધારા મુજબ, ધર્મ એ લોકોની વફાદારીને વિભાજિત કરતું માધ્યમ છે. સરકાર માને છે કે જો લોકો કોઈ ભગવાન કે ધર્મમાં માનશે, તો તેમની શાસક પ્રત્યેની વફાદારી ઓછી થઈ જશે. તેથી, બાળપણથી જ નાગરિકોને શીખવવામાં આવે છે કે ધર્મ એ એક વિદેશી ખ્યાલ છે અને તે માત્ર લોકોને ગેરમાર્ગે દોરવા માટે છે.

આ દેશમાં ધાર્મિક માન્યતા રાખવી એ રાજ્ય વિરોધી વર્તન ગણાય છે. જો કોઈ વ્યક્તિ પાસે બાઈબલ, કુરાન કે અન્ય કોઈ ધાર્મિક ગ્રંથ મળી આવે અથવા તે ગુપ્ત રીતે પ્રાર્થના કરતા પકડાય, તો તેના પરિણામો અત્યંત ગંભીર હોય છે. જેમાં લાંબા સમય સુધી જેલમાં પૂરી દેવામાં આવે છે. બળજબરીથી અમાનવીય મજૂરી કરાવતા કેમ્પમાં મોકલી દેવાય છે. આ ઉપરાંત ગંભીર કિસ્સાઓમાં જાહેર ફાંસી અથવા મોતની સજા પણ આપવામાં આવે છે.રાજધાની પ્યોંગયાંગમાં ગણ્યાગાંઠ્યા ચર્ચ કે મંદિરો જોવા મળે છે, પરંતુ આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સંગઠનોના મતે આ માત્ર વિશ્વને બતાવવા માટેનો એક 'શો-કેસ' છે. વિદેશી પ્રવાસીઓ સામે ધાર્મિક સ્વતંત્રતાનો ડોળ કરવા માટે આ સ્થળોનો ઉપયોગ થાય છે, જ્યારે હકીકતમાં સ્થાનિકોને ત્યાં જવાની મનાઈ હોય છે.ઉત્તર કોરિયામાં ધર્મના સ્થાને માત્ર શાસક કિમ પરિવારની જ પૂજા કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. વર્તમાન શાસક કિમ જોંગ-ઉન, તેમના પિતા કિમ જોંગ-ઈલ અને દાદા કિમ ઈલ-સુંગ પ્રત્યે સંપૂર્ણ ભક્તિ દર્શાવવી એ દરેક નાગરિકની પ્રાથમિક ફરજ છે. ઘરોમાં પણ અન્ય કોઈ તસવીરને બદલે માત્ર આ શાસકોની તસવીરો રાખવી અનિવાર્ય છે.ઉલ્લેખનીય છે કે, ઉત્તર કોરિયાનું જાસૂસી નેટવર્ક એટલું મજબૂત છે કે લોકો તેમના ઘરમાં પણ શાંતિથી પ્રાર્થના કરી શકતા નથી. માહિતી આપનારાઓ અને વૈચારિક દેખરેખ રાખનારા અધિકારીઓ સતત તપાસ કરતા રહે છે કે કોઈ નાગરિક છૂપી રીતે ધાર્મિક વિધિઓ તો નથી કરી રહ્યો ને!

# મુંબઈમાં ૬ વર્ષની દીકરીની હત્યા કરનાર મહિલા દીકરો ઈચ્છતી હતી

મહારાષ્ટ્રના નવી મુંબઈના કલાંબોલીની એક મહિલાએ પોતાની ૬ વર્ષની બાળકીની હત્યા કરી દીધી. પોલીસના જણાવ્યા અનુસાર, મહિલા એક પુત્ર ઈચ્છતી હતી અને બાળકી મરાઠીને બદલે હિન્દી બોલતી હોવાથી નારાજ હતી.આરોપી મહિલાએ હત્યા છુપાવવા માટે બાળકીના મોતને હાર્ટ એટેક ગણાવ્યો હતો. પોલીસે જણાવ્યું કે મહિલાની સાયકિયાટ્રિસ્ટ પાસે પણ સારવાર ચાલી રહી હતી.અધિકારીઓના જણાવ્યા અનુસાર, મહિલાએ ૨૩ ડિસેમ્બરે પોતાની દીકરીને મારી નાખી. બાળકીની દાદી પણ તે જ દિવસે ઘરે આવી હતી, પરંતુ બાળકીને મળી ન શકવાને કારણે પાછી ફરી.કલાંબોલી પોલીસને મૃત્યુ શંકાસ્પદ લાગ્યું તેથી વિશેષ પોસ્ટમોર્ટમ તપાસની વિનંતી કરવામાં આવી. પ્રારંભિક રિપોર્ટમાં શ્વાસનળીમાં અવરોધના સંકેતો મળ્યા, જેના પછી માતા-પિતાની પૂછપરછ કરવામાં આવી.છ કલાકની પૂછપરછ પછી, મહિલાએ આખરે પોતાની દીકરીનું ગળું દબાવવાની વાત કબૂલ કરી લીધી. જેના પછી તેની ધરપકડ કરવામાં આવી.

આરોપી મહિલાએ તેના પતિને વારંવાર કહેતી હતી કે મને આવું બાળક નથી જોઈતું, તે બરાબર બોલતી નથી, જેના પર પતિએ તેને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો.

મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં ૨૦ નવેમ્બરે ૧૯ વર્ષના કોલેજ વિદ્યાર્થીના આપઘાત કેસમાં તેના પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. તેમાં તેમણે કહ્યું હતું કે તેમના પુત્ર અર્ણવે ભાષા વિવાદને કારણે પોતાનો જીવ આપ્યો છે. પિતા જીતેન્દ્ર ખૈરેએ આરોપ લગાવ્યો છે કે ટ્રેનમાં મરાઠી ન બોલવાની વાત પર થયેલી મારપીટ અને માનસિક તણાવને કારણે અર્ણવે આ પગલું ભર્યું.

# આવનારી પેઢીને ઉપજાઉ જમીન, શુદ્ધ હવા અને શુદ્ધ પાણી આપવું એ આપણી નૈતિક ફરજ છે: રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

ખેડા જિલ્લાના બે દિવસીય પ્રવાસે આવેલા ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે માતર તાલુકાના દેથલી સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ અંગે પરિસંવાદ યોજી પ્રાકૃતિક ખેતી અપનાવવાનો મજબૂત સંદેશ આપ્યો હતો. રાજ્યપાલશ્રીએ દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિને વૈજ્ઞાનિક અને સમૃદ્ધિદાયક ખેતી ગણાવી પ્રકૃતિ તરફ પાછા ફરવાની અપીલ કરી હતી.

પ્રાકૃતિક કૃષિનું મહત્વ સમજાવતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ એ સૂક્ષ્મ જીવાણુઓની ખેતી છે. આવનારી પેઢીને ઉપજાઉ જમીન, શુદ્ધ હવા અને શુદ્ધ પાણી આપી શકીએ એ આપણી નૈતિક જવાબદારી છે.

હરિત ક્રાંતિના સંદર્ભ સાથે રાજ્યપાલશ્રીએ તથ્ય આધારિત વિગતો રજૂ કરતાં જણાવ્યું કે, અગાઉ જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ ૨ થી ૨.૫ ટકા જેટલું હતું, જ્યારે આજના સમયમાં તે ૦.૫ ટકાથી પણ ઓછું થઈ ગયું છે. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના અતિશય ઉપયોગથી જમીનની ઉપજાઉ ક્ષમતા ગંભીર રીતે ઘટી છે. રાજ્યપાલશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, પ્રાકૃતિક કૃષિમાં ઉત્પાદન ખર્ચ શૂન્ય હોય છે અને ખેડૂતો માટે તે સમૃદ્ધિ લાવનાર ખેતી છે. દેશી ગાય આધારિત ખેતીમાં બજારમાંથી કંઈ પણ લાવવાની જરૂર પડતી નથી. રાસાયણિક ખેતી અને જૈવિક ખેતી વિદેશી ખેતી છે, જ્યારે પ્રાકૃતિક ખેતી શુદ્ધ સ્વદેશી ખેતી છે. જે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વદેશી અભિયાન અને આત્મનિર્ભર ભારત સાથે સુસંગત છે.પ્રાકૃતિક કૃષિના પાંચ આયામોને વૈજ્ઞાનિક ઢબે સમજાવતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આ આયામોને ચુસ્તપણે અમલમાં મુકવામાં આવે તો પ્રથમ વર્ષથી જ ઉત્પાદન અને આવકમાં નોંધપાત્ર વધારો થાય છે. કૃષિ સખીઓ અને કિસાન મિત્રોને પ્રોત્સાહિત કરતાં તેમણે જણાવ્યું હતું કે, તેઓ પ્રાકૃતિક કૃષિના પ્રચાર-પ્રસાર દ્વારા દેશનું ભાગ્ય બદલી શકે છે.

રાજ્યપાલશ્રીએ ખેડૂતો સાથે પ્રશ્નોત્તરી કરી શા માટે રાસાયણિક ખેતીની જગ્યાએ પ્રાકૃતિક ખેતી કરવી જોઈએ તે બાબતે નક્કર પુરાવા આધાર પ્રમાણ સાથે રજૂ કર્યા હતા.

તેમણે ઉમેર્યું કે, ઘણા વર્ષો પહેલા કેન્સર, ડાયાબિટીસ, હાર્ટએટેક, કિડની ફેલ, ઘૂંટણના દર્દ વગેરે પ્રકારના રોગોનું અસ્તિત્વ નહોતું. આ તમામ બીમારીઓના મૂળમાં રાસાયણિક ખેતી છે.

રાજ્યપાલશ્રીએ વર્તમાન પત્રો અને કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ સંશોધનોના ઉદાહરણથી સમજાવ્યું કે રાસાયણિક ખતરો અને જંતુનાશક દવાઓના ઉપયોગથી ખેત ઉત્પાદકતા ખૂબ જ ઘટી છે.

રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીના સ્વાનુભવો રજૂ કરી નેચરલ વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ, દેશી ગાય અને અળસિયાનું ખેતીમાં મહત્વ વગેરે બાબતોની સરળ સમજૂતી ખેડૂતો સમક્ષ પ્રસ્તુત કરી હતી. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, અળસિયાઓ દિનરાત આપણા ખેતરમાં કામ કરે છે.

આ પ્રસંગે તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના પ્રાકૃતિક ખેતીના વિચારો પણ રજૂ કર્યા હતા. તેમણે ઉમેર્યું કે, પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત ચીજ વસ્તુઓમાં ખનીજ તત્વો ભરપૂર હોય છે. રાજ્યપાલશ્રીએ ખેડૂતોને ઓછામાં ઓછું પોતાના પરિવારજનોના ભોજન માટે ઉપયોગી થઈ શકે તેટલી જમીનમાં પ્રાકૃતિક કૃષિ અપનાવવાની શરૂઆત કરવા આહવાન કર્યું હતું.

કાર્યક્રમ પૂર્વે રાજ્યપાલશ્રીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. પરિસંવાદ બાદ રાજ્યપાલશ્રીએ માસ્ટર ટ્રેનર, આત્માના અધિકારીઓ, કૃષિ સખી બહેનો સાથે સંવાદ કરી મિશન મોડ પર પ્રાકૃતિક કૃષિના કાર્યને આગળ ધપાવવા આહવાન કર્યું હતું.


આ અવસરે નિવાસી અધિક કલેકટર શ્રી જે.બી. દેસાઈએ સ્વાગત પ્રવચનમાં પ્રાકૃતિક કૃષિને ટકાઉ વિકાસનો માર્ગ ગણાવી આ પરિસંવાદ ખેડા જિલ્લાના ખેડૂતોને નવી દિશા આપશે, તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.કાર્યક્રમના અંતે વરિષ્ઠ વૈજ્ઞાનિક તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દેથલીના વડા ડોક્ટર પી.કે.શર્માએ માતર તાલુકાના તથા ખેડા જિલ્લાના ખેડૂતો આ



પરિસંવાદ પછી પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે બધા જાગૃત થયા છે અને આ દિશામાં તેઓ હવે પ્રયત્નશીલ રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી. પરિસંવાદમાં માતર ધારાસભ્ય શ્રી કલ્પેશભાઈ પરમાર, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી અમિત મકવાણા, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના વાઈસ ચાન્સલર ડો. સી.કે.ટીંબડીયા, નડિયાદ મહાનગરપાલિકાના કમિશનરશ્રી જી.એચ. સોલંકી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંત કિશોર, નિવાસી અધિક કલેકટર શ્રી જે.બી. દેસાઈ, દેથલી સરપંચ શ્રી તુલસીબેન સોલંકી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દેથલીનના સિનિયર વૈજ્ઞાનિક શ્રી પી. કે. શર્મા, સહિત અન્ય મહાનુભાવો, અગ્રણીઓ, કિસાન મિત્રો, કૃષિ સખી બહેનો, ખેડૂતો, પશુપાલકો, સરપંચશ્રીઓ, કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો તેમજ વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પૂજ્ય શ્રી અનુબેને ૧૮ ડિસેમ્બર ૨૦૦૧ના દિવસે ગોરજની ધરા પર અંતિમ શ્વાસ લીધા

હજ્જારો બાળકોના વાત્સલ્યમૂર્તિ કેન્સરપીડિતોના કરુણામૂર્તિ વંચિતોના આરાધ્યમૂર્તિ સેવાપથના પથિકોના પ્રેરણામૂર્તિ એવા, પૂજ્ય શ્રી અનુબેને ૧૮ ડિસેમ્બર ૨૦૦૧ના દિવસે ગોરજની ધરા પર અંતિમ શ્વાસ લીધા.આ એ જ સમય હતો જ્યારે આશ્રમના સેવા પ્રકલ્પોના ઉત્તુંગ શિખર સમી કૈલાશ કેન્સર હોસ્પિટલના દ્વાર જાતિ, લિંગ, આર્થિક અને સામાજિક દરજ્જા જેવા કોઈ પણ જાતના ભેદભાવને કોરાણે મૂકી કેન્સરના દરેક દર્દી માટે ખૂલ્યાં.કોઈ પણ જાતની અંગત મહત્વાકાંક્ષા વગર ફક્ત સમાજના વંચિતોનો આર્તનાદ સાંભળીને, સમષ્ટીકલ્યાણના ઉદ્દેશ સાથે એ કલ્યાણીએ શિક્ષણ,સ્વાસ્થ્ય, સામાજિક ઉત્થાન અને પ્રાકૃતિક સંસાધન સંવર્ધન ક્ષેત્રે લીધેલ એક




પછી એક પગલાંઓ એ આજે મુનિ સેવા આશ્રમને પશુ, પક્ષી, વનસ્પતિ અને મનુષ્યો સહીત લાખો જીવો ને શાતા આપતું કલ્પવૃક્ષ બનાવી દીધું.મહાનિર્વાણના ૨૫માં વર્ષે એ કરુણામયીના ચરણોમાં સાદર વંદન અને તેમની દિવ્યચેતના હમેશની જેમ સહુનો પથ પ્રદર્શિત કરતી રહે તેવી પ્રાર્થના.

# સુરત અને લંડનમાં ખોડલધામ મંદિર સંકુલ બનાવવાની જાહેરાતઃઆવનારા દિવસોમાં અમદાવાદમાં પણ સંકુલ બનાવાશે, કોર કમિટીની બેઠકમાં નિર્ણય

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા આજે ૨૭ ડિસેમ્બરના રોજ એક મોટી જાહેરાત કરવામાં આવી છે. ખોડલધામ ટ્રસ્ટના મુખ્ય કાર્યાલય ખાતે ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં એક કોર કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં અલગ અલગ બે જગ્યાએ શ્રી ખોડલધામ મંદિર સંકુલ નિર્માણની મહત્વની જાહેરાત કરવામાં આવી છે. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા કાગવડ સ્થિત શ્રી ખોડલધામ મંદિરની જેમ જ દક્ષિણ ગુજરાતની ધરતી પર સુરતમાં અને વિદેશની ધરતી પર લંડનમાં શ્રી ખોડલધામ મંદિર સંકુલના નિર્માણની જાહેરાત કરવામાં આવી છે.

કોર કમિટીની બેઠક બાદ



ચેરમેન નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટી મંડળની કોર કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં હાલ ચાલી રહેલા પ્રોજેક્ટની સમીક્ષા કરવામાં આવી હતી અને આગામી સમયના પ્રકલ્પોની પણ ચર્ચા કરવામાં આવી હતી. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા હાલ રાજકોટ નજીક અમરેલી ગામ પાસે અદ્યતન વૈશ્વિક કક્ષાની કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. સાથે જ ઉત્તર ગુજરાતમાં પાટણના સંડેર ગામ પાસે શ્રી ખોડલધામ સંકુલનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં આ બન્ને પ્રોજેક્ટ પૂર્ણ કરીને સમાજને અર્પણ કરવામાં આવશે. સાથે સાથે આવતા દિવસોમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના પ્રકલ્પો પ્રમાણે મધ્ય ગુજરાત એટલે કે અમદાવાદમાં એક શ્રી ખોડલધામ સંકુલ બનાવવાનું પણ આયોજન છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી પાસે પણ ભવનનું નિર્માણ કરવામાં આવશે.

વધુમાં નરેશ પટેલે મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં સુરતમાં પણ શ્રી ખોડલધામ મંદિર સાથેનો પ્રોજેક્ટ મૂકવામાં આવ્યો છે. સાથે જ વધુ આનંદની વાત એ છે કે, આજે આ કોર કમિટીની બેઠક યોજાવાની હતી તેના થોડા કલાકો પહેલા લંડનમાં વસતાં ખોડલધામના સ્વયંસેવકોએ આજે શ્રી ખોડલધામ મંદિરની મુલાકાત લીધી હતી.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO : 375**
વિષય: મનગમતી રચના
શીર્ષક: હું અને તું
પ્રકાર : પદ્ય શબ્દો: ૧૩૧

હું અને તું
મનમોહક જણાતી જગતને સુંદરતા ક્ષિતિજની સંધ્યાકાળે,
મારે મન ક્ષિતિજ એ, બે જ અક્ષરની એકરૂપતા, હું અને તું!

ખીલે છે રંગબેરંગી સૃષ્ટિનાં સ્મિતસમા ફૂલો ડાળે ડાળે,
મારે મન આનંદ એ, બે જ અક્ષરની સરળતા, હું અને તું!

પંખીઓનાં સૂરીલાં ટહુકાઓની વચ્ચે આકાશનું મૌન ગુંજે,
મારે મન સંગીત એ, બે જ અક્ષરની લયતા, હું અને તું!

હોંશીલી નદીઓ એકરૂપ થઈ સમુદ્રને ઉછળતાં શીખવે,
મારે મન ઉમંગ એ, બે જ અક્ષરની સરિતા, હું અને તું!

લજામણી યૌવના દૂરથી પિયુને સ્પર્શ કરવાં જે લોભાવે ,
મારે મન યૌવન એ, બે જ અક્ષરની અલ્લડતા, હું અને તું!

કૃતજ્ઞ હસ્તે નતમસ્તક બની ભક્તો ભાવે પૂજે પરમાત્માને,
મારે મન ભક્તિ એ, બે જ અક્ષરની પવિત્રતા, હું અને તું!

ભલે શબ્દો રહ્યા અધૂરા, ના ગેય કે શણગાર વિનાના,
મારે મન જીવન એ, બે જ અક્ષરની કવિતા, હું અને તું!
જાગૃતિ દોશી મોક્ષા
(બોસ્ટન, અમેરિકા)
★★★★★★★

**NOG SS NO : 402**
વિષય :- સર્જકની મનગમતી રચના
શીર્ષક :- જનતા જ'નેતા
પ્રકાર : પદ્ય શબ્દો :- ૮૦

સત્તાનો આ સ્વાદ ગજબ છે.
રાજનીતિની રમત અજબ છે.

કોણ સગું અહીં કોણ વહાલું .
ખુરશી સાથે બસ મતલબ છે.

સોગઠા સત્તાના ગોઠવવામાં.
નેતાજીનો અસલ કરતબ છે.

હેલી થઈ વરસે છે વાયદાઓ.
રેવડીની લ્હાણી બેહિસાબ છે.

વિચારધારા હવે તો વાસી થઈ.
મલાઈ સત્તાની લાજવાબ છે.

ખુરશીનો છે કેવો ખેલ મજાનો.
જનતા ગરીબને નેતા નવાબ છે.

"જનતા જ છે નેતાની જનેતા."
તોય લાચાર જનતા જનાબ છે.

-શૈલેષ ભોઈ "વૈરાગી"
કોઠંબા (લુણાવાડા)
★★★★★★★

**NOG NO.0059**
વિષય મન ગમતિ
રચના
પ્રકાર હાઈકૂ-પાંચ

મન ગમતું
જો મને મળે રોજ ?
ભાગ્યવાન હું !

બધાને મળે
મન ગમતુ રોજ
કરે સૌ મોજ !

તને રૂપ નું,
મને ધન,ગૂમાન
ન મળે મન!

તૂં પરદેશી
હું દેશનો ગમાર?
છો, કરું પ્યાર!

તૂં ગીતકાર,
તો,હૂં સાહિત્યકાર,
કરું છું પ્યાર'!

જયકાન્ત ઘેલાણી
પ્યારે',
બોરીવલી- મુંબઈ.
★★★★★★★

**NOGG SS no 351**
વિષય: મનગમતી રચના
શીર્ષક: મુલાકાત
પ્રકાર: પદ્ય શબ્દ:૮૯
તારી સાથે વાત થાય છે જાણે એક મુલાકાત થાય છે,
એક પલક ઝપકમાં સમય જાણે ક્યાં વીતી જાય છે.

હેયુ ધબકે યાદમાં બસ તારો મીઠો રણકાર સંભળાય છે,
પાંપણના પલકારામાં હેયુ જાણે અપાર રડી જાય છે.

તને મળ્યા પછી જાણે એમ જ તને રોજ મળવાનું મન થાય છે,
દર્પણમાં જાણે તારો અણસાર દેખાય છે.

તને શોધવા મારું મન બેકરાર થાય છે,
તું મળે કે ના મળે ક્યાંક દિલમાં સમાઈ જાય છે.

અમથા અમથા ગાલ જાણે ગુલાબી થાય છે,
ઢળતી સાંજે કિનારે કિનારે મળવાનું મન થાય છે.
જયશ્રી વાઘેલા (મુંબઈ)

★★★★★★

**NOG SS NO : 003**
વિષય : મનગમતી રચના
શિર્ષક : બે મોઢા, એક ભ્રમ
પ્રકાર : ગદ્ય શબ્દો : ૨૦૭

બે બાજુ બોલનારા માણસને જો તમે જુઓ તો તમે વિચારશો કે, એ માણસ સત્ય અને ખોટની સરહદ વચ્ચે રમત રમતો હોય. પણ વાસ્તવિકતા એ છે કે, એ માત્ર પોતાની લાલચ અને ગર્વ માટે શબ્દોનો ખેલ રમતો રહે છે. દરેક વાતમાં તે લોકોના આત્મવિશ્વાસને ખમેળી કાઢે છે, એમ જાણે સમાજના દરેક જબરદસ્ત સ્વપ્નને પતન તરફ ખેંચતો રહે.
એનું મોઢું મીઠું, આંખો ભવ્ય, અને શબ્દો મન મગજને ભ્રમિત કરે એવા હોય છે. પણ વાસ્તવમાં એ પોતાના ફાયદા માટે એકદમ નિષ્ઠુર છે. એ સમાજના ન્યાય, ઈમાનદારી અને ભાઈચારા જેવા મૂલ્યોને જોતાં જોતાં ઝૂઠના ઘા ઘડી પાડે છે. બે મોઢા બોલનારા લોકો એવા હોય છે, જેમને વચન આપવું કોઈ મહત્વનું નથી—માત્ર પ્રસંગ મુજબ બદલવું મહત્વનું છે.
સામાજિક દ્રષ્ટિએ, આવા માણસો આપણને સતત ચેતવણી આપે છે—કે આંધળો વિશ્વાસ કરવો કેટલું ખતરનાક થઈ શકે છે. એ લોકો જ સમાજમાં અશાંતિ ફેલાવે છે, ભ્રમ સર્જે છે અને વ્યક્તિગત સંબંધો નષ્ટ કરે છે. આપણને એ સમજવું જરૂરી છે કે, બાહ્ય મીઠાશ કોઈ વાસ્તવિક ઈમાનદારીની ખાતરી નથી.
અંતે, બે બાજુ બોલનારા માણસના શબ્દો માત્ર મીઠા ઝેર જેવા છે. જોકે શરુમાં સ્વાદ મીઠો લાગે, અંતે એ જ જીવને નુકસાન પહોંચાડે છે.
સમાજના દરેક સભ્ય માટે એ એક સ્પષ્ટ સંદેશ છે—સત્યની શોધ કરો, અને માત્ર મીઠા શબ્દોમાં ખોવાઈને ગુમ થાઓ નહીં.

મીનાક્ષી રાવલ - સત્ય ની આંખે (ગાંધીનગર)
★★★★★★★

**Nog SSO no: 229**
વિષય: મનગમતી રચના
શિર્ષક: સૃષ્ટિનું શ્વેતલ સ્વરૂપ
પ્રકાર : પદ્ય શબ્દો : ૧૪૦

ઈશ્વરે ,ઉડાડ્યું અબિલ,આભથી જ રે ,
કે જેને ,અવનીએ ઝીલ્યું છે, રૂડી હોંશથી રે;
રે ફોરાં ઝીણાં,ગગન ગોખથી વરસી રહ્યાં રે,
કે સમીર, સુસવાટે વહી રહ્યો,છે જોશથી રે;
રે ભૂમિ, છાપરેને ટોડલે, બધે બરફ વરસે છે;
લીલી-પીળી,ધરા પણ સફેદ,રંગે રંગાઈ રહી રે,
કે ફૂલો મોગરા, ચાંદનીનાં વૃક્ષે ઝૂલી રહ્યાં રે;
કે થડ,ડાળી પાનના અંગે, બરફ જામે છે;
લીલા વૃક્ષ સંગે,વનરાજી પણ, શુભ્ર થયાં રે,
શ્વેત રંગે, અવનિએ અંગે,કામણ કીધાં છે;
રસિક રૂપે,રસવંતી ધરા, શ્રૃંગાર કરે રે,
કે આનંદ-ઉમંગ, સચરાચરમાં ફરી વળ્યાં છે;
ઋતુ બદલાતાં,ભૂમિએ નવિન, સાજ સજ્યા રે,
સફેદ સાડી,પૃથ્વીએ રુડી,પ્રેમી પહેરી છે;
સઘળી સૃષ્ટિ,નમણી નાચે, નવલા તરંગથી રે,
"પ્રપાશી" કૌતુક, કાળ કેરું, નિરખી રહ્યો છે!!!!

-પરેશ મ. પાઠક "પ્રપાશી"(બ્રેમ્પટન, કેનેડા)
★★★★★★★

**NOG SS NO . 401**
વિષય . મનગમતી રચના
શીર્ષક . " માધવ "
પ્રકાર . પદ્ય શબ્દો .૮૫

માધવ !
મારા મારા કરી સૌ કોઈ મરે,
પણ ખરા ટાણે તો કોઈ ના જડે,
શુભ પ્રસંગ હોય ત્યારે જ દોડીને મળે ,
મુખે થી હસી ને એ મન માં કેટલાય બળે,
સુખ ના સાથી તો ઘણાય મળે ,
પણ દુખડા રોવા કોઈ ન હાથ ખંભે મૂકે,
તારી બનાવેલી આ એક દુનિયા માં અનેક અજાયબીઓ જીવે ,
પણ આ ખોટા સબંધો તોડતા માણસ કેમ બીવે ?
તારી શિખામણ થી માનવી કેમ ના જીવે ?
કે કોઈ કોઈ નું નથી તોય બધા મારું મારું કરીને મરે.

દેવ્યાનીબા પ્રિયજિતસિંહ ગોહિલ
" દેવપ્રિયા "
વરતેજ
★★★★★★★

**NOG:SS:NO:- 142**
વિષય:- મન ગમતી રચના
શિર્ષક :- "આદત છે"
પ્રકાર :- પદ્ય શબ્દ :- ૯૨

અમને તો આદત છે, જઈ રણમાં વરસવાની.
પત્થર જેવાજ થઈને, વળી પત્થર પૂજવાની.

આંધળા થઈને, જગત આખું આ ભાળ્યું,
ચુલ્હે તેલના છે ફાંફાં, ને દીવે ઘી બાળ્યું,
ભાઈ સાથે વેર વાળી, હૈયે છલકવાની, અમને...

ગયું બાળપણ ભૂલમાં, ને એળે ગઈ જવાની,
આગળ જીંદગી અમારી, ધૂળ-ધાણી થવાની.
વાટ જોવે ઘડપણ, ત્યાં સૌને સરકવાની, અમને...

તરસતા રહ્યા માબાપ, જામ ભર્યા પારકાના,
ખીચડીનો વાંધો ઘરે, બહાર ખાના-ખજાના,
નામ-કીર્તિ નઈ, આમાં તો પડતીજ થવાની, અમને...

મહેફિલોમાં મ્હાલ્યો બહુ, માર્યા બે-ચાર પેગ,
સેલ્ફી લઈ સ્ટેટ્સ મૂક્યા, વળી કર્યા સૌને ટેગ,
માણી મજા, સૌ પારકાં સાથે મલકવાની, અમને...

શૈલેષ ભોઈ "શૈલ"
★★★★★★★

**NOGSS/ 0044**
વિષય:- મનગમતી રચના
શીર્ષક:- વૃધ્ધો.
પ્રકાર :-પદ્ય. શબ્દો:- ૪૫

સંતાનો પાસે
જોઈએ છે સમય
મળશે ખરો!

બન્યું ખંડેર
જીવન વૃધ્ધો કેરું
ઘરડા ઘરે.

હૈયું દુભાયું
વૃદ્ધાશ્રમ દ્વારેથી
પરત લાવ્યા.

બંને આંખોના
નેત્રમણિ છલકાયા
ઘરડા
આભાર - નિહારીકા રવિયા ઘરે.

વરદાન દે
બંધ કરાવી દઉં
ઘરડા ઘર.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બીલીમોરા

# દેશના ૪ મુખ્ય ધર્મસ્થળો પર ૧૦ લાખ લોકો પહોંચવાની શક્યતા:તિરુપતિમાં ટોકનથી જ દર્શન, શિરડી મંદિર આખીરાત ખુલ્લું રહેશે; મંદિરોમાં વિશેષ તૈયારીઓ





દેશના ૪ મુખ્ય ધર્મસ્થળમાં ૩૧ ડિસેમ્બર અને ૧ જાન્યુઆરીના રોજ લગભગ ૧૦ લાખ શ્રદ્ધાળુઓ પહોંચવાનો અંદાજ છે. આથી, આ મંદિરોમાં તેના માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. આંધ્ર પ્રદેશ સ્થિત તિરુપતિ મંદિરમાં ૩૦ ડિસેમ્બરથી ૧૦ દિવસીય વૈકુંઠ એકાદશી ઉત્સવ શરૂ થવા જઈ રહ્યો છે. આ દરમિયાન એક જાન્યુઆરી પણ છે, તેથી તિરુમલા તિરુપતિ દેવસ્થાનમ બોર્ડે ભીડ વ્યવસ્થાપનની વ્યાપક યોજના તૈયાર કરી છે. બોર્ડના છઝઈ સીએચ વેંકૈયા ચૌધરીએ જણાવ્યું કે ૨૪ થી ૨૬ ડિસેમ્બર સુધી લગભગ ૨ લાખ ભક્તો અહીં આવ્યા.આ અચાનક ઉછાળાએ કતાર પરિસરો, આવાસ સુવિધાઓ અને પગપાળા માર્ગો પર ખૂબ દબાણ કર્યું. તેથી ૨૯ થી ૩૧ ડિસેમ્બર માટે ૧.૮૯ લાખ દર્શન ટોકન આપ્યા પછી કાઉન્ટર બંધ કરી દેવામાં આવ્યા છે.૩૦ ડિસેમ્બરથી ૧ જાન્યુઆરી સુધી ફક્ત તે જ યાત્રાળુઓને દર્શનની મંજૂરી મળશે, જેમની પાસે એડવાન્સ બુકિંગવાળો માન્ય ટોકન હશે. આ પગલાં ગયા વર્ષે થયેલી ભાગદોડની ઘટનાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યા છે.મહારાષ્ટ્રના શિરડી સ્થિત સાંઈબાબાના દરબારમાં આ વખતે ૬ લાખ ભક્તો પહોંચવાનો અંદાજ છે. તેથી સાંઈ બાબા સંસ્થાને નક્કી કર્યું છે કે ૩૧ ડિસેમ્બરે સાંઈ મંદિર આખી રાત ખુલ્લું રહેશે. આથી આ દિવસે રાત્રે ૧૦ વાગ્યે થતી શેજારતી અને ૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સવારે ૫:૧૫ વાગ્યે થતી કાકડ આરતી નહીં થાય.સંસ્થાના સીઈઓ ગોરક્ષ ગાડિલકરે જણાવ્યું કે ગયા વર્ષે ૩૧ ડિસેમ્બર અને ૧ જાન્યુઆરીએ લગભગ ૫ લાખ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા હતા, આ વખતે વધુ શ્રદ્ધાળુઓ આવવાનો અંદાજ છે. ગયા વર્ષે દર્શન માટે સરેરાશ ૬ કલાક રાહ જોવી પડી હતી. આ વખતે ૫ કલાકમાં દર્શન થશે.સાઈ બાબાના મુખ દર્શન માટે બહાર એક સોનાની બારી બનાવવામાં આવી છે.

# મેઘરજ તાલુકાના લુસડિયા ગામે વિશ્વ હિન્દુ પરિષદ સેવા આયોગ દ્વારા રામ યજ્ઞનું આયોજન કરાયું





અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના લુસડિયા ગામે સંત શ્રી સુરમલદાસજી મહારાજ ની પવિત્ર તપો ભૂમિ પર વિશ્વ હિન્દુ પરિષદ સેવા આયોગ દ્વારા ભવ્ય આયોજન કરેલ જેમાં આશરે ૮૦ જેટલા યુગલો એ આ યજ્ઞમાં ભાગ લીધેલ. વિધવાન બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચાર સાથે વિધિવત રામ યજ્ઞ નું ભવ્ય આયોજન થતો આજુબાજુની ધર્મપ્રેમી જનતાએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધેલ.

અહી ઉલ્લેખનીય છે કે આઝાદી પહેલા જયારે અંગ્રેજોએ આ વિસ્તારમાં તેમની કોઠી સ્થાપિત કરેલ ત્યારે આ વિસ્તારની ગરીબ આદિવાસીપ્રજાને પ્રલોભનો આપી આર્થિક સહાય કરી ધર્માંતરણ કરાવી ખ્રિસ્તી ધર્મ તરફ આકર્ષવાના પ્રયત્નો કરી કહેવાય છે કે અનેક કુટુંબોને ખ્રિસ્તી ધર્મમાં કન્વર્ટ કરેલ પરંતુ આ જ વિસ્તારમાં કહેવાતા સંત સુર્મલદાસજી મહારાજ રામ ભક્તિમાં અવિરત તરબોળ રહેતા અને ખૂબ જ આસ્થા ધરાવતા હોવાથી અંગ્રેજોની લોભામણી સ્કીમમાં ન જોડાતો તેમના ઉપર અત્યાચાર પણ કરેલ હોવાનું કહેવાય છે અને એવું પણ કહેવાય છે કે જો સુર્મલદાસજી ને રામભક્તિ માં પૂરેપૂરો વિશ્વાસ હોય તો આ કહેવાતા અંગ્રેજોએ સવા શેર શિશુ ગરમ કરી અને પીવાની ફરજ પાડેલ તો સંત શ્રી સુર્મલદાસજીએ હસતા મોઢે આ સવાશેર શિસુ કહેવાય છે કે આરામથી પી જતો અંગ્રેજો અસમંજન માં મુકાઈ ગયેલ. ઓછું પડતું હોય તેમ તેમણે સદર પી ગયેલું શિશુ પરત કાઢવાની આજ્ઞા કરતો સંત શ્રી સુરમંદદાસજી પીગયેલ શિશુ યથા સ્થિતિમાં પરત કાઢી બતાવવાનું ફરમાન કરતો સંત શ્રી સુરમલદાસજી પી ગયેલ શિશુ પરત પાત્રમાં કાઢી આપેલ અને તેનું વજન કરતો રતી ભાર શિશુ ઓછું પડતો સંત શ્રી સુરમલદાસજીએ પોતાની દાઢમાં ફસાયેલ રતીભાર નો ટુકડો પલ્લામાં મૂકી તેનું સવા શેર વજન પૂર્ણ કરતો અંગ્રેજો પણ સંત શ્રી સુરમલદાસજીના ચરણમાં પડી તેમના વિસ્તારમાં રહેતા ભક્તજનોને આ વટાણ પ્રવૃત્તિ એટલે કે ધર્માંતર કરવાનું બંધ કરેલ હોવાનું જાણવા મળેલ જેના કારણે આ વિસ્તારમાં આ પરિવારો ધર્માનતરણ થતો બચી ગયેલ એવી વાસ્તવિક દંત કથા ના ભાગરૂપે આજે પણ આ વિસ્તારમાં આજુબાજુ ખ્રિસ્તી ધર્મનો વ્યાપ વધેલ છે જ્યારે આ મધ્યમાં આવેલ વિસ્તાર આસ્થા પૂર્વક હિન્દુ ધર્મનું આચરણ કરી રહે છે. જેના ભાગરૂપે આજે પણ તુલસી પૂજનના દિવસે ભવ્ય રામ યજ્ઞનું આયોજન થતું આવેલ છે. અહી ઉલ્લેખનીય છે કે આ ગરીબ વિસ્તારમાં સંત શ્રી આશારામ દ્વારા ગુરુકુળ હાઈસ્કૂલ બનાવે છે. ત્યાં આ વિસ્તારની પ્રજા માટે અને હિન્દુ ધર્મ માટે આશીર્વાદ સમાન છે... યોજાયેલ રામ યજ્ઞમો વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ શ્રી ગુજરાતના પ્રભારી એવા શ્રી ધર્મેન્દ્ર ભવાની. મોડાસા વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ શ્રી સંજયભાઈ ભાવસાર તેમજ ભિલોડા તાલુકાના વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખશ્રી બંને તાલુકાના તમામ વિશ્વ હિન્દુ પરિષદના સભ્યો સાથે તેમજ ધર્મપ્રેમી જનતા તેમજ આજુબાજુના સંતો,મહંતો તથા તમામ હિન્દુ સંગઠનો એ ઉપસ્થિત રહીસમગ્ર વાતાવરણ ભક્તિમય બનાવી દીધેલ. અધ્યક્ષ શ્રી ધર્મેન્દ્ર ભવાની એ ઉપસ્થિત આદિવાસી વિસ્તારોમાં ધર્માનતરણ અટકાવવા ઉપર વિશેષ ભાર મૂકી વટાણ પ્રવૃત્તિ અટકાવવા માટે આગવી શૈલીમાં રજૂઆત કરી જનતાને વટાળ પ્રવૃત્તિ અટકાવવા આગ્રહ કરેલ. રામ યજ્ઞ ની પૂર્ણાહુતિ બાદ મહાપ્રસાદ નો લાભ લીધેલ.

# પાટણ જિલ્લાના ચંદ્રુમાણામાં ઘર ઘર સંપર્ક અભિયાન ની થઈ શરૂઆત ....



રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ શતાબ્દી વર્ષ નિમિત્તે ઘર ઘર સંપર્ક અભિયાન અંતર્ગત પાટણના ચંદ્રુમાણા માં ઘર ઘર સંપર્ક યોજના ની શરૂઆત બ્રહ્મચારી નિત્યાનંદજી મહારાજ ની ઉપસ્થિતિમાં રામજી મંદિર થી શરૂ કરવામાં આવી.. જેમાં ગામના તમામ શેરી મહોલ્લા માં ઘર ઘર સંપર્ક અને પાંચ પરિવર્તન ના વિષય ને નિરૂપણ કરતી પત્રિકા તેમજ શુલ્કવાળા પુસ્તકનું વિતરણ કરવામાં આવ્યું. જે આપણને ન ગમતી બાબતનો વ્યવહાર બીજા સાથે ન કરવો ...પ્રકૃતિનું જતન કરવું .....આપણી સંસ્કૃતિમાં સામાજિક સમરસતા .... સ્વદેશી નો ઉપયોગ વધારવો ....તેમજ પરિવાર પ્રબોધન એટલે કે પરિવાર સાથે બેસીને દરરોજ સમાજ અને પરિવારની બાબતો વિશે ખાસ તો બાળકો સાથે બેસીને રચનાત્મક બાબતોની ચર્ચા કરવી.. પર્યાવરણ રક્ષણ માટે પ્રયત્ન કરવા ...ઘર ઘર સંપર્ક માં મહેસાણા વિભાગના શારીરિક શિક્ષણ પ્રમુખ પ્રવિણસિંહ ગોહિલ,પાટણ તાલુકા સંઘચાલક રમેશ ભાઈ સોની .પાટણ જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ પૂર્વ પ્રમુખ નીતિનભાઈ વ્યાસ ..આનંદભાઈ દેસાઈ વગેરે ના કાર્યને જોઈને ચંદ્રુમાણા વાલ્મિકી સમાજ ના અગ્રણીઓ શ્રી મીઠાભાઈ .અને જગદીશભાઈ તેમજ મંગાભાઈ એ..આવા કાર્યથી પ્રભાવિત થઈને કાર્યકરોને તેમના સમાજ વતી સાલ અને ખેસ થી સન્માનિત કર્યા હતા

# પદ્મશ્રી, જાણીતા હાસ્યકાર, વિરલ દાતા, લેખક જગદીશ ત્રિવેદીએ આત્મન ફાઉન્ડેશન સંચાલિત રેવા ગ્રામની મુલાકાત લીધી



પદ્મશ્રી એવોર્ડથી વિભૂષિત, જાણીતા હાસ્ય કલાકાર, લેખક અને અનેક સંસ્થાઓને વિરલ દાનથી મદદ કરનાર શ્રી જગદીશ ત્રિવેદીએ તાજેતરમાં રેવા ગ્રામ સેવા સંકુલની મુલાકાત લીધી હતી. આત્મન ફાઉન્ડેશન દ્વારા અંબોડ નજીક રેવા ગ્રામ સેવા સંકુલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. તેઓએ રસપૂર્વક સંસ્થાની પ્રવૃત્તિઓ જાણી હતી તથા આખા પરિસરની મુલાકાત લીધી હતી. ગ્રામભારતી સંસ્થાના વિધાર્થીઓ, નજીકની શાળાના શિક્ષકો - વિધાર્થીઓ, અધ્યાપકો અને ભાવકો સાથે આત્મીયતાથી જગદીશભાઈએ વાર્તાલાપ કર્યો હતો. બાળકો, વિધાર્થીઓ અને મોટેરાઓ માટે તેમણે જુદી જુદી પ્રેરક પ્રસંગકથાઓ કહી હતી. ગુરુ અને શિષ્ય / વિધાર્થી વચ્ચેનો ભાવસંબંધ કેવો હોય, આદર કેવો હોય એની દ્રષ્ટાંત કથા કહી હતી. જીવનમાં પ્રેરણા ક્યાંથી મળે, એ સાર્થક થાય તો જીવન કેવું ઊજળું બની જાય, એનું પણ ઉદાહરણ આપ્યું હતું. કસોટીઓમાંથી માર્ગ કાઢી આગળ વધવું એ સાચું ઘડતર. એમણે રેવા ગ્રામ એ સેવા ધામ બની રહેવાનું છે, એવી શુભેચ્છા પાઠવી હતી. સાચી સેવાના રસ્તે ચાલવું એ પણ એક પ્રકારનું તપ જ છે, એમ જણાવી એમણે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. સહજ ભાવે એમણે ઉપસ્થિત સહુના દિલ જીતી લીધા હતા. સંસ્થાના ટ્રસ્ટીઓ પ્રજ્ઞાબેન પટેલ, સી. એલ. મહેતા, ડૉ. અનિલ પટેલ, પ્રો. રાજેન્દ્રસિંહ વાઘેલા દ્વારા જગદીશભાઈ ત્રિવેદીનું શાલ, ખેસ, સૂતરની આંટી, પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. લેખક કનૈયાલાલ ભટ્ટ, હેમન્દ્રભાઈ દવે, જશવંતભાઈ, મહેશભાઈ, અશ્વિનભાઈ પ્રજાપતિ, રાજેન્દ્રભાઈ સુથાર, હસમુખભાઈ, જગદીશભાઈ ઉપાધ્યાય, નીતિનભાઈ, અમિતભાઈ, કૃષ્ણકુમાર રાણા, જતીનભાઈ ખખ્ખર વગેરે સહિત ગાંધીનગર, માણસા, અમદાવાદ વગેરેથી અનેક શુભેચ્છક મિત્રોએ આ આત્મીય કાર્યક્રમ માણ્યો હતો.

# અરવલ્લી જિલ્લા કોંગ્રેસ દ્વારા મોડાસા ખાતે સ્થાપના દિવસની ઉજવણી કરાઈ



કોંગ્રેસ પક્ષના ૧૪૧ માં સ્થાપના દિવસ નિમિત્તે આજે મોડાસા ખાતે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ધ્વજ વંદન કાર્યક્રમ યોજવામાં આવ્યું આ કાર્યક્રમ દરમિયાન અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અરૂણભાઇ પટેલ ના હસ્તે ધ્વજ વંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી આ પ્રસંગે કોંગ્રેસના આગેવાનો કાર્યકરો ભાઈઓ બહેનો તથા યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા ધ્વજવંદન બાદ પોતાના સંક્ષિપ્ત સંબોધનમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરૂણભાઇ પટેલે જણાવ્યું કે કોંગ્રેસ પક્ષે દેશની સ્વતંત્રતા સંવિધાનની રચના અને લોકશાહીના સંરક્ષણમાં ઐતિહાસિક ભૂમિકા ભજવી છે આજે પણ કોંગ્રેસ સંવિધાન અને લોકશાહી તેમ જ દેશની એકતા માટે અડગપણે સંગાથ કરી રહી છે

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી ખેડા જિલ્લાના માતર તાલુકાના દેથલી ગામની મુલાકાતે





નડિયાદ, ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ રવિવાર

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ખેડા જિલ્લાના માતર તાલુકાના દેથલી ગામની મુલાકાત લઈ ગ્રામીણ સંસ્કૃતિને માણી હતી. રાજ્યપાલશ્રીએ દેથલી ગામના ખેડૂતો, પશુપાલકો ગ્રામીણો અને ખેતીવાડી તેમજ આત્માના અધિકારીશ્રીઓ સાથે મુલાકાત કરી સ્વચ્છતા,પશુપાલન અને પ્રાકૃતિક ખેતી વિષયો પર વાતચીત કરી હતી. દેથલી ગામની મુલાકાતે પધારેલા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ગામના ચોક અને ગ્રામ પંચાયત ખાતે જન પ્રતિનિધિઓ, અધિકારીઓ, ગ્રામજનો સાથે મળી સફાઈ કરી હતી. રાજ્યપાલશ્રીએ ઝાડું લગાવી ગ્રામજનોને સ્વચ્છ ભારતનો સંદેશ આપ્યો. આ તકે તેમણે ગ્રામવાસીઓ અને યુવાનોને સપ્તાહમાં એકવાર સફાઈ કરવા સંકલ્પબદ્ધ થવા જણાવ્યું હતું. આ સાથે ગ્રામ પંચાયતના છ સફાઈ કર્મીઓનું પણ જાહેરમાં સન્માન કર્યું હતું. તેમણે સફાઈ કરનારા મોટા અને ગંદકી કરનારા નાના ગણાવ્યા હતા અને આ વાતને ધ્યાનમાં રાખીને ગામની સ્વચ્છતા કરવા તેમજ આ મિશનને ઈમાનદારીથી નિભાવવા ગ્રામવાસીઓને અનુરોધ કર્યો હતો. આ તકે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સ્વચ્છતા, વ્યસનમુક્તિ, સામાજિક સમરસતા, આરોગ્ય, પર્યાવરણ અને પ્રાકૃતિક ખેતી જેવા મુદ્દાઓ પર જનજાગૃતિ વધે તેવું સૂચન કર્યું હતું.રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આજે ભણેલા ગણેલા લોકોમાં વ્યસનનું પ્રમાણ વધવું એ ચિંતાજનક બાબત છે. જો મોટા લોકો સ્વયં સારા કામો કરશે તો નાના બાળકોમાં સુટેવો કેળવાશે.રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગામને સ્વચ્છ ગ્રામ બનાવવા સૌ ગ્રામજનોને કાર્યાન્વિત થવા અનુરોધ કર્યો હતો.

# વાંકાનેર મુકામે ૧૭ માં "કામા અશ્વ શો માં સોનગઢ જાદરાબાપુ પરિવારની કુંજલ ઘોડી પ્રથમ નંબરે



મોરબી જિલ્લાના વાંકાનેર ખાતે પૂર્વ કેન્દ્રીય મંત્રી સ્વર્ગસ્થ શ્રી દિગ્વિજયસિંહજી ઝાલાની સ્મૃતિમાં યોજાયેલા ભવ્ય, દિવ્ય અને ઐતિહાસિક ૧૭ માં કામા અશ્વ શોમાં અનેકવિધ અશ્વ પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. અશ્વ શો ના બીજા દિવસે 'રુપ' (બ્યુટી) કેટેગરીની સ્પર્ધા યોજાઈ હતી જેમાં સમગ્ર ગુજરાતભરમાથી આવેલ એક એકથી ચડિયાતી રુપમાં અવ્વલ ઘોડીઓએ ભારે આકર્ષણ જમાવ્યું હતું એની વચ્ચે થાનગઢ તાલુકાના સોનગઢના જાદરાબાપુ પરિવારના ભાઈશ્રી ગભરુંભાઈ દડુબાપુ ભગતની '' કુંજલ' ઘોડીએ પોતાની શીરમોર સુંદરતાના જોરે આ રુપ કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સમગ્ર જાદરાબાપુ પરિવાર અને પંથકનું ગૌરવ વધાર્યું હતું જેથી ચોતરફ આનંદની હેલી છવાઈ ગઈ હતી.

વિજેતા બનેલી આ કુંજલ ઘોડીની વંશાવળી અને ખાસીયતની વાત પણ એટલી જ ગૌરવપૂર્ણ છે કેમ કે કુંજલ ઘોડીના પિતા સૂરજદેવળધામના પ્રસિદ્ધ અશ્વ × કુમાર× છે જ્યારે તેની માતા × ઢેલ × ઘોડી હાલ તેના માલિક ભાઈશ્રી ગભરુંભાઈ દડુબાપુ ભગત પાસે છે.... ગભરુંભાઈ ભગત બાળપણથી જ અશ્વોના ખૂબજ શોખીન અને પોતાની આગવી કળા,કુનેહ અને વર્ષોની મહેનત થકી અનેક અશ્વોને ટ્રેન કરી અનેકવિધ પ્રતિયોગિતાઓ ફક્ત પોતના આગવા અશ્વપ્રેમથી જીત્યાં છે અને સમગ્ર પંથકમાં એક સારા અશ્વ ટ્રેનર તરીકે પણ ઓળખાય છે. આમાં ફરી એકવાર ગભરુંભાઈ ભગતની મહેનત રંગ લાવી છે ત્યારે સમગ્ર ગુજરાત, કચ્છ, કાઠિયાવાડમાથી હજારોની સંખ્યામાં અશ્વપ્રેમીઓએ ભાઈશ્રીને અભિનંદન પાઠવ્યાં છે. ભાઈશ્રી ગભરુંભાઈ દડુબાપુ ભગત તથા રવિભાઈ દડુબાપુ ભગતને આ પ્રથમ ક્રમાંક બદલ ભવ્ય મંચ પર પાળિયાદ વિહળધામના પ્રેરક સંચાલક આદરણીયશ્રી ભયલુબાપુના વરદ હસ્તે પ્રથમ ક્રમાંક મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat